


પ્રેમ, પ્રકૃતિ અને પરમાત્માનું ચિંતન સાહિત્યજગત તરફ મને દોરી ગયું. પ્રથમથી જ કવિતા પ્રત્યે પ્રેમ રહ્યો છે. કૉલેજકાળ દરમ્યાન ગુજરાતી સાહિત્યનાં મેગેઝિન, યોજાતા વિવિધ સાહિત્યના કાર્યક્રમો, કવિસંમેલનો, પરિસંવાદોમાં અચૂક હાજરી આપતો. ધીમે ધીમે ગઝલ સ્વરૂપ પ્રત્યે મારું આકર્ષણ વધ્યું અને શ્રી અમૃત 'ઘાયલ' સમગ્ર ગઝલોનો સંચય 'આઠોં જામ ખુમારી' વાંચી નાખ્યો. જે તે સમયે તો માત્ર લય અને ભાષાકીય ખુમારીથી અંજાય એવી જ થોડીક ગઝલો પણ લખી. ત્યારબાદ તો ગઝલ સ્વરૂપ વિશે અનેક કવિઓ, સર્જકો સાથે ચર્ચાઓ, વિવાદો પણ કર્યા. છેવટે ગઝલનું આકર્ષણ અને સૌંદર્ય પણ એવું ને એવું અકબંધ રહ્યું તેમજ આજે ગઝલનું ગુજરાતી સાહિત્ય પર આધિપત્ય છે. અંધકારમય જીવનમાં સાહિત્યનો દીવો સતત મારી સામે ઝળહળતો રહ્યો છે. આ તકે મારી પ્રિય પત્ની ભાવનાને કેમ ભૂલી શકું? તેમણે સતત મને આ કામ માટે જાગ્રત રાખ્યો. પૂરા પ્રેમ, આદર અને ઉત્સાહપૂર્વક મારામાં પ્રેરણાને જીવંત રાખી પણ અચાનક તેનું આંખમાં પલકારાની જેમ અદશ્ય થઈ જવું મારા માટે ખૂબ જ અસહ્ય બની ગયું. આજે પણ તેમના કહેલા શબ્દો મને આ કામ માટે સતત પ્રેરણા પૂરી પાડે છે. જે પડઘાઓનું ઉજ્જવળ તેજ મને દિશા ચીંધે છે.

ગુજરાતી ભાષા–સાહિત્ય ભવનમાં મેં વિશ્વ, ભારતીય અને ગુજરાતી સાહિત્યનું રસપૂર્ણ રીતે ખૂબ આચમન કર્યું છે. ડૉ. નીતિન વડગામા સાહેબ, ડૉ. બિપિન આશર સાહેબ, ડૉ. અંબાદાન રોહડિયા સાહેબ, ડૉ. મનોજ જોશી સાહેબ, ડૉ. દીપક પટેલ સાહેબ, ડૉ. જે.એમ.ચંદ્રવાડિયા સાહેબ તેમજ ડૉ. પ્રભુ ચૌધરી સાહેબ એમ તમામ પ્રાધ્યાપકશ્રીઓ પાસેથી મળેલ પ્રેમ અને માર્ગદર્શનથી હું એમનો આ ક્ષણે ખૂબ ખૂબ આભાર માનું છું.

મારા મૌનને પણ જેઓ સમજી શકે છે એવા પ્રેમાળ ગુરુજન ડૉ. નીતિન વડગામા સાહેબ જેઓએ મારી કપરી પરિસ્થિતિઓથી વાકેફ થઈ સાહિત્યથી સતત સંલગ્ન રાખ્યો

અને ગુજરાતી ભાષાના એક પાયાના પથ્થર સમા ગઝલકારશ્રી અમૃત 'ઘાયલ'ની ગઝલો પર સંશોધનકાર્ય કરવાની તક આપી જેમનું આ ઋણ ઉતારવું મારે માટે અઘરું છે. સતત મારા સ્વભાવને સમજી તેમણે સલાહસૂચન, માર્ગદર્શન અને હતાશ થાઉં તે પહેલાં તેમનાં પ્રેરણાદાયી સૂચનો મને બહુ કામ લાગ્યાં. તેમને વંદન સાથે હું આ તકે આભાર માનું છું.

આ સંશોધનકાર્ય તેમજ સાહિત્યની ગહન ચર્ચાઓમાં અનેક મિત્રોને પણ આ તકે યાદ કરવા પડે. જેમાં અલ્પેશ કળસરિયા, કુલદીપ કારિયા, ચિંતન શેલત, ડૉ. વિનોદ જાડા, શ્રીરામ કડિયા એમ યાદી લાંબી થઈ શકે પણ જેમના નામ નથી લેવાયા તેમનો પણ આ તકે આભાર માનું છું.

ઝડપથી અને સુઘડ ટાઈપિંગ કરી આપનાર જિતેન્દ્રભાઈ ઘેટિયાને પણ સ્મરવા જ રહ્યા. જેમનો પણ તકે આભાર માનું છું કે તેમણે મારા કામને વધુ સુંદર બનાવ્યું.

**સોલંકી નરેશ એચ.**